માનસી શ્રોફ




શિવાની ખેતાન

# હાં, મુઝે કુછ કહેના હૈ...

## સંઘર્ષની નદી તરીને પ્રેરણારૂપ જીવન જીવેલા લોકોની વાત રજૂ કરતો 'એક્સપ્રેસો ટૉક્સ' નામનો ઈવેન્ટ મુંબઈમાં લોકપ્રિય થઈ રહ્યો છે.

*મેરા નામ વિજય ઠાકુર હૈ. હું અહીં મુંબઈનો જ છું. ટેક્સી ચલાવું છું, પણ મારું ક્વોલિફિકેશન જોઈને ચોંકતા નહીં. હું મિકેનિકલ એન્જિનિયર છું. તમને નવાઈ લાગી... કેમ ને? પણ મારા ફુલટાઈમ ટેક્સીડ્રાઈવર બનવા પાછળ ખૂબ મોટું કારણ છે. હું આમ આદમી જ છું. મધ્યમવર્ગી માણસની જેમ મારાં પણ અનેક સપનાં હતાં, પણ જિંદગીની બે ઘટનાએ મને ટેક્સીડ્રાઈવર બનવા માટે મજબૂર કરી દીધો. મેં મારા બે દીકરા ખોયા છે. એક જન્મતાં પહેલાંનો દીકરો અને બીજો દીકરો ૧૯ વર્ષનો થયો ત્યારે...*

■ ■ ■

**થો**ડા સમય પહેલાં રવિવારે સવારે અગિયાર વાગ્યે મુંબઈના જુહૂ વિસ્તારમાં આવેલા જાણીતા હેરીઝ નામક રેસ્ટ્રો બારમાં વિજય ઠાકુર જેવા છ વક્તાએ પોતાની અંગત કહાણી લોકો સમક્ષ વહેતી મૂકી. ક્યારેક આંસુ તો વળી ક્યારેક મીઠા હાસ્ય સાથે કિયારા બોઝ રોય, ભારતી ગેહાની, રોબિન ચૌરસિયા, વિક્રમ અરોરા, દિવ્યાંશુ ગણાત્રાએ પોતાની જિંદગીમાં બનેલી ઘટના અને એમનું અસામાન્ય વ્યક્તિત્વ શૅર કર્યું.

*એક્સપ્રેસો ટૉક્સ-રિયલ લાઈફ એક્સપિરિયન્સ* નામના ઈવેન્ટની ખાસિયત જ આ છે. આપણાં બધાંનાં જીવનમાં ઉતાર-ચઢાવ આવતા રહેતા હોય છે, છતાં અમુક વ્યક્તિ આને સોનેરી તક માનીને એનો હસતે મોઢે સ્વીકાર કરે છે, વિકટ પરિસ્થિતિનો સામનો કરે છે. પરિણામે એમનું જીવન બીજા લોકો માટે પ્રેરણાદાયી બની રહે છે. બસ, આ જ હેતુસર છેલ્લાં બે વરસથી *એક્સપ્રેસો ટૉક્સ* નામનો કાર્યક્રમ દર બે મહિને યોજાય છે. આ ઈવેન્ટનાં કર્તાહર્તા શિવાની ખેતાન આ વિશે વધુ માહિતી આપતાં કહે છે:

'જ્યારે પણ કોઈ વ્યક્તિના અંગત જીવનમાં કશુંક દુઃખદ કે સુખદ બને છે ત્યારે આ સમાજ એને જજમેન્ટલ બનીને

માપ્યા-તોળ્યા કરે છે, સતત વેધક નજરોથી કટાક્ષ કરે છે, શબ્દોથી પ્રહાર કરે છે. પરિણામે એ વ્યક્તિ મુક્ત મને પોતાની વ્યથા, સંઘર્ષ કશું જ શૅર નથી કરી શકતી. *એક્સપ્રેસો ટૉક્સ* આવી વ્યક્તિને પ્લેટફૉર્મ આપે છે. મોટા ભાગના લોકો જ્યારે પોતાની વાત રજૂ નથી કરી શકતા ત્યારે એમને ઘણાં પ્રશ્નો-સમસ્યા નડતાં હોય છે. મારે બસ, આવા લોકોની અંગત વ્યથાને મોકળું મેદાન આપવું છે.'

*એક્સપ્રેસો ટૉક્સ*માં અત્યાર સુધી આમ આદમી સાથે ઘણી સેલિબ્રિટીએ પણ પોતાની કહાણી વહેંચી છે, જેમ કે સપના મોતી ભવનાની, કિકુ શારદા (કપિલ શર્મા શો-કૉમેડિયન), મનીષ મુન્દ્રા (ફિલ્મમેકર), સંદીપ સોપારકર (ડાન્સ કોરિયોગ્રાફર), વિરેશ લોની (સાઉન્ડ મોન્ક ફાઉન્ડર), વગેરે. આ કાર્યક્રમમાં દરેક વખતે સાતથી આઠ સ્પીકર્સ હોય છે અને દરેકને વીસ મિનિટ ફાળવવામાં આવે છે.

શિવાની કહે છે: 'ઘણી વાર આપણને કોઈ પણ સમસ્યાનો ઉપાય કે નિરાકરણ નથી જોઈતાં હોતાં, બલકે આપણને માત્ર કોઈ સાંભળે એવી ઈચ્છા હોય છે. *એક્સપ્રેસો ટૉક્સ-કૉફી ઓવર કોન્વર્સેશન* પાછળનો બીજો હેતુ આ પણ છે.'

મુંબઈ જેવા મેટ્રો સિટીની જિંદગી બીજાં શહેરની તુલનામાં ઘણી ફાસ્ટ છે. અહીં લોકો પાસે સમયનો અભાવ છે. પરિણામે નિર્ણય લેવામાં પણ વ્યક્તિ ગડમથલ અનુભવે છે. એવામાં *એક્સપ્રેસો ટૉક્સ* માર્ગદર્શન કરી એમની જિંદગીમાં જોમ રેડે છે.

આ કન્સેપ્ટ પાછળ શિવાની ખેતાનની અંગત જિંદગીમાં બનેલી ઘટના જવાબદાર છે. તેર વર્ષના લગ્નજીવનમાં નાખુશ રહેનારી મારવાડી પરિવારની ધનાઢ્ય શિવાની ખેતાને છૂટાછેડા લીધા ત્યારે એને બે દીકરી હતી. એણે ઘણું સહન કર્યું, છતાં હિંમત રાખી અને આગળ ભણી પણ ખરી. પછી *પીપલ સોલ્યુશન્સ* નામક સ્ટ્રેસ મૅનેજમેન્ટ કંપની શરૂ કરી. કૉર્પોરેટ કંપનીમાં જઈને અનેક વર્કશોપ યોજ્યા. શિવાની કહે:

'ભારતનાં દરેક મેટ્રો સિટીમાં વસતા લોકો તાણમય જીવન જીવે છે. બહાર ઑફિસ કે બિઝનેસનું પ્રેશર, ઘરમાં ઘરનાનું પ્રેશર, સમાજનું પ્રેશર... આ બધામાં સતત દબાણમાં જીવનારી વ્યક્તિ શારીરિક અથવા માનસિક રોગનો ભોગ બનતી હોય છે એટલે જ *પીપલ સોલ્યુશન્સ* ઘણી બધી કંપની માટે વર્કશોપ યોજે છે.'

શિવાની આ રીતે લાઈફ કોચ બની. છેલ્લાં પંદર વરસથી આ ક્ષેત્રમાં રહીને શિવાનીએ ખાસ્સી પ્રગતિ કરી છે. વ્યક્તિ પોતે ઠોકર ખાઈને આગળ વધે ત્યારે એ એવું કામ કરવાની કોશિશ કરે છે, જેથી બીજાને યેનકેન પ્રકારે મદદરૂપ થઈ શકાય. માટે જ શિવાનીએ શરૂઆત એક્સપ્રેસો મીટથી કરી. જુહૂ વિસ્તારમાં આવેલી એક કૉફી શૉપમાં નિતનવા વિષય પર આ પ્રકારની મીટ ગોઠવવાની શરૂઆત કરી. શિવાની કહે:

'શરૂઆતમાં લોકો ખચકાતા, પણ સોશિયલ મિડિયા પર એક્સપ્રેસોનો પ્રચાર થતાં લોકો વધતા ગયા. એક્સપ્રેસો મીટ હજી પણ દર મહિને યોજવામાં આવે છે, પણ ઈવેન્ટ માટે સ્પીકર્સને તૈયાર કરવા એ બહુ સમય માગી લે છે. માટે જ અત્યાર સુધી મુંબઈમાં ચાર અને બૅંગલોરમાં એક ઈવેન્ટ જ કરી શકી છું.'

સામાન્ય રીતે *એક્સપ્રેસો* ઈવેન્ટમાં ૮૦થી ૧૦૦ની સંખ્યામાં લોકો આવે છે. આ ઈવેન્ટ માટે વ્યક્તિદીઠ ૬૦૦ રૂપિયાની ફી લેવામાં આવે છે, જેમાંથી તમને નાસ્તો અને ડ્રિન્કસ પીરસવામાં આવે છે. ઉપરાંત, અત્યાર સુધી આ ઈવેન્ટમાં આવતા સ્પીકર્સને કોઈ પણ પ્રકારની ફી ચૂકવવામાં નથી આવતી. માત્ર ને માત્ર લોકોને પ્રેરણા-પીઠબળ મળી રહે એ માટે સેલિબ્રિટી પણ હોંશે હોંશે *એક્સપ્રેસો* સાથે કનેક્ટ થઈ રહી છે.



શિવાની આયોજિત '*એક્સપ્રેસો ટૉક્સ*'માં સામાન્ય લોકો ઉપરાંત કિકુ શારદા જેવી સેલિબ્રિટીઝ પણ આવે છે.

શિવાની કહે: 'અમારા આ સ્પીકર્સને તમે યુટ્યૂબની અમારી ચૅનલ પર પણ જોઈ-સાંભળી શકો છો. આ નૉન-પ્રોફિટ કોઝ છે. મારી પ્રોડક્શન કોસ્ટ નીકળે છે જેમ-તેમ કરીને. બટ ઈટ'સ ઓકે! આમ પણ પૈસા કમાવાનો હેતુ નથી.'

ભવિષ્યમાં શિવાનીને *એક્સપ્રેસો ટૉક્સ*ને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવી છે. વિદ્યા બાલન (ઍક્ટ્રેસ), ઈમરાન હાશ્મી (ઍક્ટર)થી લઈને ઘણી જાણીતી વ્યક્તિઓએ પોતાની સંઘર્ષગાથા વિશે વાત કરવાનું આગામી ઈવેન્ટ માટે જાહેર કર્યું છે.

*એક્સપ્રેસો ટૉક્સ* વિસ્તરી રહી છે, કારણ કે અંગત સંબંધોમાં સંવાદિતાનો સેતુ તૂટી રહ્યો છે. અજાણ્યાની સામે મન ખોલવું એ કોઈ નવી જ સકારાત્મક દિશા તરફની શરૂઆત લાગે છે.